## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




અમારી ગીફ્ટ શોપમાં આ વેલન્ટાઈન દિવસે સ્કીમ રાખી છે... તમારે ફ્રેન્ડનો ફોટો લાવવાનો... અમારા રીટાયર્ડ ઓફિસર તેનો ફોટો જોઇને કહેશે કે... આ કેટલા રૂપિયાની ગીફ્ટને લાયક છે...!!

# સિવિલમાં અગ્નિશામક સાધનો ડેડ : દર્દીઓ રામ ભરોસે

ગાંધીનગર,તા.૨

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં ઠેર ઠેર લગાવાયેલા અગ્નિશામક સાધનો ડેડ હાલતમાં છે. હોસ્પિટલમાં આગ લાગે તો સ્ટાફનો કર્મચારી પણ આગને કાબુમાં લઈ શકે તે એસ્ટિંગયુઝરની એકસપાયરી ડેટને પણ એક વર્ષ વીતી ગયું હોવા છતા સિવિલમાં લટકી રહ્યા છે. હોસ્પિટલમાં ઈન્ડોર દર્દી રામભરોસે હોય તેવું લાગી રહ્યું છે. સિવિલ સતાધિશોનું અગ્નિશામક સાધનો તરફ વર્ષ વીત્યું હોવા છતા ધ્યાન ના ગયું તે નવાઈની વાત કહેવાય. સિવિલમાં અગ્નિશામક સાધનોને લઈ દર્દીઓમાં પણ ચર્ચા થઈ રહી છે.

મેડીકલ કોલેજ સંચાલિત ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં રોજના હજ્જારો દર્દીઓ સારવાર માટે આવે છે. મેડીકલ કોલેજને પગલે સિવિલમાં આઠ માળની ઈમારત ઈન્ડોર દર્દીઓ માટે અને પાંચ માળની ઈમારતમાં દર્દીઓ માટે ઓપીડી શરુ કરવામાં આવી છે. સિવિલમાં ૬૦૦ દર્દીઓને ઈન્ડોર પેશન્ટ તરીકે સારવાર આપી શકાય તેવી વ્યવસ્થા છે. હાઈટેક સિવિલ બનતા આસપાસના જિલ્લાના દર્દીઓ પણ મોટી સંખ્યામાં પોતાનો ઈલાજ કરાવા માટે આવે છે. જિલ્લાકક્ષાની હોવાથી ઓપીડી વિભાગ દર્દીઓથી ઉભરાય છે. દર્દીઓને મળતી માળખાકીય સુવિધામાં પણ વધારો થવા પામ્યો છે ત્યારે શહેર-જિલ્લાના દર્દીઓ માટે શહેરની હોસ્પિટલ આશિર્વાદરૂપ સાબિત થઈ રહી છે. રાજયના પાટનગર ગાંધીનગરમાંથી જયાં નિયમોનું પાલન કરાવા માટે આદેશો છોડવામાં આવે છે ત્યાં જ દિવા તળે અંધારુ છે. સિવિલ હોસ્પિટલમાં આઠ માળની બિલ્ડીંગમાં અગ્નિશામક સાધનો લગાવેલા છે. આ ફાયર એસ્ટિંગયુઝર પર મેન્યુફેકચર અને એકસપાયરી ડેટ મારવામાં આવી છે. છતા સિવિલના તંત્રનું ધ્યાન ના હોય તેમ આ એસ્ટિંગયુઝરોની એકસપાયરી ડેટને પણ અંદાજીત વર્ષ કરતા વધુ સમય થયો છે. પરંતુ સિવિલના સતાધિશોને દર્દીઓની કોઈ પરવા ના હોય તેવું લાગી રહ્યું છે. સિવિલમાં થોડાક મહિના અગાઉ ફાયર સેફટીને લઈ મોકડ્રીલનું આયોજન કરવામાં આવ્યું હતું. ત્યારે પણ આ સાધનોની એકસપાયરી ડેટ નજર ના આવી તે નવાઈની વાત દર્દીઓને લાગી રહી છે...



# હાઈવે બ્લોક કરવાના કેસમાં હાર્દિક પટેલને જામીન મળ્યા

અમદાવાદ,તા. ૨

પાટીદાર સમુદાય માટે અનામતની માંગણીને લઈને આંદોલન ચલાવી ગુજરાત સરકારને હચમચાવી મુકનાર હાર્દિક પટેલને આજે આંશિક રાહત મળી હતી. તેના માટે આજનો દિવસ મિશ્ર રહ્યો હતો. એક બાજુ હાઈવે નાકાબંધી કેસમાં કઠોરની કોર્ટે હાર્દિક પટેલને જામીન આપી દીધા હતા. જો કે, રાજદ્રોહના કેસમાં હાલમાં તે જેલમાં છે. અન્ય કેસમાં ધરપકડ હોવાથી તેને બહાર નિકળવાની તક મળશે નહીં. જ્યારે અમદાવાદમાં રાજદ્રોહ મામલે આજે હાર્દિક પટેલની જે જામીન અરજી પર સુનાવણી થઈ તે ટલી ગઈ છે. આ કેસમાં વધુ સુનાવણી હવે ૯મી ફેબ્રુઆરીએ હાથ ધરાશે. આજે હાર્દિક માટે મિક્સ દિવસ કરી શકાય.

અમદાવાદમા રાજદ્રોહ મામલે જામીન અરજી પર સુનાવણી ટળી ગઈ પરંતુ સુરતમાં કઠોર કોર્ટમાં કામરેજ હાઈવે પર ચક્કાજામ મામલે ચાલી રહેલા કેસમાં હાર્દિકને શરતી જામીન મળ્યા છે. કોર્ટે આ સાથે હાર્દિકને ૧૬મી ફેબ્રુઆરીએ કોર્ટમાં હાજર રહેવાનો આદેશ પણ આપ્યો છે. સુરતમાં હાર્દિક પર કામરેજ ખાતે નેશનલ હાઈવે ચક્કાજામ કરવાનો આરોપ છે. હાઈવે જામ કરવા મામલે કઠોર કોર્ટમાં હાર્દિક પટેલ પર કેસ ચાલી રહ્યો છે.

# સગીરા પર બળાત્કાર ગુજારવાના કેસમાં આરોપીને ૧૦ વર્ષ કેદની સજાનો આદેશ

## જિલ્લાના વડસર ગામમાંથી લગ્ન કરવાની લાલચ આપી સગીરાનુ અપહરણ કર્યુ હતુ

ગાંધીનગર, તા ૨

સગીરાનુ અપહરણ કરીને તેની પર બળાત્કાર ગુજારવાના કેસમાં ગાંધીનગર કોર્ટે આરોપીને ૧૦ વર્ષની સખત કેદની સજા તેમજ રૂ ૫૦૦નો દંડ ભોગવવા હુકમ કર્યો છે.

આ કેસની પ્રાપ્ય વિગત અનુસાર ગાંધીનગર જિલ્લાના વડસર ગામમાં મજુરી કામ કરતા આરોપી લાલાજી ઉર્ફે લાલભાઈ લક્ષ્મણભાઈ મકવાણાએ તા ૨૦ જુન વર્ષ ૨૦૧૪ના રોજ સગીરાનુ લગ્ન કરવાની લાલચ આપી અપહરણ કર્યુ હતુ. ત્યારબાદ તેણીને મહીસાગર જિલ્લામાં લઈ જઈને ભોગ બનનારની મરજી વિરુધ્ધ બળાત્કાર ગુજાર્યો હતો. આ મામલે સાંતેજ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાતા પોલીસે ગુન્હો નોંધી વધુ તપાસ હાથ ધરી હતી. ત્યારબાદ આરોપીને ઝડપી લઈ તેની વિરૂધ્ધ ગાંધીનગરની કોર્ટમાં ચાર્જશીટ રજુ કર્યુ હતુ. આ કેસ ગાંધીનગરની એડીશ્નલ સેસન્સ કોર્ટમાં ચાલી જતા સરકારી વકીલ તરીકે સુનિલ પંડયાએ દલીલો કરી હતી. તેમણે કોર્ટ સમક્ષ દલીલમાં જણાંવ્યુ હતુ કે આરોપીએ સગીરાનુ અપહરણ કરી જાતીય સતામણીનો ગુન્હો કર્યો છે. જેથી તેને સમાજમાં દાખલો બેસે તેવી સજા થવી જોઈએ. સરકારી વકીલની દલીલો તેમજ ભોગ બનનાર સગીરા ડોકટર તેમજ તપાસ કરનાર અધિકારીની જુબાની ધ્યાને લઈ જજ આર એ ઘોઘારીએ આરોપીને ૧૦ વર્ષની કેદની સજા ભોગવવા હુકમ કર્યો છે. વધુમાં આરોપીને ૫૦૦ રૂપિયા દંડ ભોગવવા હુકમ કર્યો છે.

# લેડી ગવર્નર શ્રીમતી અવિનાશ કોહલીના જન્મદિને રાજભવનમાં યોજાયેલ રક્તદાન શિબિર

ગાંધીનગર, તા. ૨

લેડી ગવર્નર શ્રીમતી અવિનાશ કોહલીના જન્મદિન પ્રસંગે આજે રાજભવન દ્વારા રક્તદાન શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું.

અમદાવાદ સિવિલ હોસ્પિટલ અને ગાંધીનગર સિવિલ હોસ્પિટલના સહયોગથી યોજવામાં આવેલ આ રક્તદાન શિબિરમાં રાજભવનના અધિકારી-કર્મચારીઓ તથા પરિવારના સભ્યો, એરફોર્સ આર્મીના અધિકારીઓ-જવાનો અને સ્થાનિક સ્વૈચ્છિક રક્તદાતાઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

લેડી ગવર્નર શ્રીમતી અવિનાશ કોહલીને તેમના જન્મદિનની રાજભવનના અધિકારીઓ-કર્મચારીઓ, એરફોર્સ-આર્મીના અધિકારીઓ-જવાનો, તથા અમદાવાદ-ગાંધીનગર સિવિલ હોસ્પિટલના તબીબો-કર્મચારીઓ તેમજ રક્તદાતાઓએ શુભેચ્છાઓ પાઠવી હતી.

ગુજરાતના રાજ્યપાલ શ્રી ઓ. પી. કોહલી અને શ્રીમતી અવિનાશ કોહલી રક્તદાન શિબિરની મુલાકાત લઈ રક્તદાતાઓને બિરદાવ્યા હતા.

## ખૂણે ખાંચરેથી...

● રાજયના મુખ્યમંત્રી શ્રીમતિ આનંદીબેન પટેલના મોટાબેન શાન્તાબેન પટેલનું અવસાન થતાં મુખ્યમંત્રીશ્રી તેમના અંતિમ દર્શન માટે ગોઠવા પહોંચ્યા હતા.

● ગાંધીનગર જિલ્લા પંચાયતમાં આજે સાંજે પાંચ વાગે કર્મચારીઓની હાજરી અંગે આકસ્મિક તપાસ હાથ ધરાઈ હતી.

● ગાંધીનગર તાલુકાની પેથાપુર નગરપાલિકાની ચૂંટણી માટે હજુ સુધી એક પણ ઉમેદવારી પત્ર ભરાયુ નથી.

● ગાંધીનગરના ઈ.વી.એમ. તામિલનાડુની ચૂંટણી માટે રવાના કરાયા છે.

● ગાંધીનગર મનપાની સ્થાયી સમિતિની આજે મહત્વની બેઠક બપોરે ૩ વાગે મળશે.

● ગાંધીનગર મનપાના જનસેવા કેન્દ્રની સેવાઓ કથળી રહી હોવાથી લોકોની હેરાનગતિ વધી રહી છે.

● ગુજરાત યુનિ. દ્વારા કોલેજોની આંતરિક પરીક્ષા અંગે કરાયેલા વિવાદાસ્પદ પરિપત્રને લઈ ગાંધીનગરના અધ્યાપકોમાં પણ બે ભાગમાં વહેંચાઈ ગયા છે. મોટાભાગના અધ્યાપકો રાઈટીંગ સ્કીલ ડેવલપ થાય તે માટે પરીક્ષા હોવી જોઈએ તેવો મત ધરાવે છે.

● ખેલ મહાકુંભની સ્પર્ધાઓ કઈ તારીખે ફાયનલ યોજાશે તે જાહેર નહિ થતાં રમતવીરોની મુંઝવણ વધી રહી છે.



## જનતા રેડ બાબતે ચિલોડા પોલીસ સ્ટેશને બેઠક યોજાઈ

ગાંધીનગર તાલુકાના મહુન્દ્રા ગામે યુવાનોએ વ્યસનમુકિત અભિયાન હાથ ધર્યું છે. આ પ્રસંગે ચિલોડા પોલીસ સ્ટેશને ક્ષત્રિય ઠાકોર સેનાના અગ્રણીઓ તથા જાગૃત ગ્રામજનો દ્વારા ‘જનતા રેડ’ બાબતે પોલીસ સાથે બેઠક યોજી હતી. કોઈપણ જાતના ભેદભાવ વિના દારૂની બદી અટકાવવા પ્રયાસો હાથ ધરવા પોલીસ સાથે મળીને ગામના સરપંચ તથા અગ્રણીઓએ કામગીરી હાથ ધરવા નિર્ણય લેવાયો હતો. આ સાથે ક્ષત્રિય ઠાકોર સેનાના અગ્રણીઓ દ્વારા ગરીબ પરિવારોને રોજગારીના વિકલ્પો અપનાવવા આર્થિક સહાય કરાશે જેથી દારૂ જેવી નશાખોરીના રવાડે ના ચઢે તે માટે તૈયારી દર્શાવાઈ હતી. આ બેઠકમાં ચિલોડાના પી.આઈ. કરણરાજ વાઘેલાએ યુવાનોને પોલીસની કામગીરીને સાથ સહકાર આપી અભિયાન ચલાવવા શીખ આપી હતી. બેઠકમાં ક્ષત્રિય ઠાકોર સેનાના ૭૦થી વધુ કાર્યકરો ઉપરાંત પી.આઈ. વી.એલ. ચાવડા, પીએસઆઈ જે.બી. ચાવડા તથા અન્ય ગામોના સરપંચો અને અગ્રણી ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતાં. (તસવીર : નટુભાઈ પટેલ, ચિલોડા)

# ઠગાઈ કેસમાં રાજુ મેવાડા ૧૧ દિવસના રિમાન્ડ પર

અમદાવાદ, તા. ૧

સમગ્ર રાજ્યમાં ભારે ચકચાર જગાવનાર જય ખોડિયાર મિત્ર મંડળ છેતરપિંડી પ્રકરણમાં મુખ્ય આરોપી રાજુ મેવાડાને આજે ૧૧ દિવસ માટે રિમાન્ડ પર લેવાનો સેશન કોર્ટે આદેશ કર્યો હતો. પોલીસ દ્વારા કોર્ટમાં રજૂ કરવામાં આવ્યા બાદ ૧૪ દિવસના રિમાન્ડની માંગ કરી હતી. સીઆઈડી ક્રાઈમના પોલીસ અધિકારી જેડી પુરોહિતે પુછવામાં આવતા માહિતી આપી હતી કે, રાજુ મેવાડાને કોર્ટમાં સઘન સુરક્ષા વચ્ચે રજૂ કરીને ૧૪ દિવસના રિમાન્ડની માંગ કરાઈ હતી પરંતુ કોર્ટે ૧૧ દિવસના રિમાન્ડ મંજુર કર્યા હતા. અત્રે નોંધનીય છે કે, સીઆઈડી ક્રાઈમે રાજુ મેવાડાની ગઈકાલે ધરપકડ કરી હતી.



ગુજરાત રાજ્ય દેશમાના રાજ્યમાં એવું પ્રથમ રાજ્ય છે કે, ગુજરાત સરકારશ્રી દ્વારા પર્યાવરણીય અસરોને રોકવા તેમજ તેનો ઉકેલ મેળવવાની તકનીકો વિકસાવવા માટે ગુજરાત પર્યાવરણ પ્રબંધ સંસ્થાન (ગેમી)ની રચના કરાયેલ છે. સંસ્થાના નિયામકના નેતૃત્વમાં યુવા ટીમના સ્ટાફ સાથે સંસ્થાના મુખ્ય હેતુને સાથે રાખી વિકાસના કદમ પર સૌને સાથે રાખી એક તાલીમ મેળવી અનેક મહત્વની પ્રગતિ હાંસલ કરવા દોટ મૂકેલ છે. જે પ્રગતિના આયના રૂપ હાલમાં સંસ્થાના નિયામક ડૉ. સંજીવ ત્યાગીના નેતૃત્વમાં તૈયાર કરેલ ઈ-લેબોરેટરી મેનેજમેન્ટ સીસ્ટમ ભારત સરકારના વ્યક્તિત્વ અને જાહેર ફરિયાદ, પેન્શન વિભાગ દ્વારા સ્વીકાર કરી નેશનલ ઈ-ગ્રીવન્સ ૨૦૧૫-૧૬ના કેટેગરી ૧૧માં સીલ્વર એવોર્ડ એનાયત થયેલ છે. આ એવોર્ડ સંસ્થાના નિયામક ડૉ. સંજય ત્યાગીને નાગપુર ખાતે મહારાષ્ટ્રના મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડનવીસના વરદ્‌હસ્તે એનાયત થયેલ છે.

# ગુજરાત હાઈકોર્ટના ચીફ જસ્ટિસ રેડ્ડી હશે

અમદાવાદ,તા. ૨

જસ્ટિસ આર સુભાષ રેડ્ડી ગુજરાત હાઈકોર્ટના નવા ચીફ જસ્ટિસ બનશે. હૈદરાબાદ હાઈકોર્ટના સુભાષરેડ્ડી આ મહિનાના બીજા સપ્તાહમાં શપથ લે તેવી શકયતા છે. ગુજરાત હાઈકોર્ટના વર્તમાન કાર્યકારી ચીફ જસ્ટિસ જયંત પટેલની કર્ણાટક હાઈકોર્ટમાં ટ્રાન્સફર કરવામાં આવી છે. અન્ય એક ઘટનાક્રમમાં રાજસ્થાન હાઈકોર્ટના જસ્ટિસ બાલાબેન ત્રિવેદી અને જસ્ટિસ પ્રદિપ ભટ્ટ જે ઝારખંડ હાઈકોર્ટના છે તેમને ગુજરાત હાઈકોર્ટમાં ટ્રાન્સફર કરાયા છે.

# ભારતીય સંસ્કૃતિના અભ્યાસ અર્થે ઓસ્ટ્રેલિયન વિદ્યાર્થીઓ ગાંધીનગરમાં

## પીડીપીયુ ખાતે ઓસ્ટ્રેલિયાની એડિથ કોવાન યુનિવર્સિટીના ૧૨ વિદ્યાર્થીઓ અને ૨ ફેકલ્ટીઝનું ડેલિગેશન બે સપ્તાહ રોકાઈ ભારતીય સંસ્કૃતિ તથા માનસ અંગે સંશોધન કરશે

ગાંધીનગર, તા. ૨

આપણે શિક્ષણના વૈશ્વિકરણના સંદર્ભે સીમાપારની યુનિવર્સિટીઓ સાથે નવા વિચારો પર કામ કરીશુ અને એકધારી ચાલી આવતી માન્યતાઓ તોડી નવા આયામો ઉપર કાર્ય કરીશુ. આ શબ્દો છે પંડિત દિનદયાળ ઉપાધ્યાય પેટ્રોલિયમ યુનિવર્સિટીના સ્ટડી ઈન ઈન્ડિયા એક્સ્પોઝર પ્રોગ્રામના ચેરમેન તથા એસએસએસના ડાયરેક્ટર પ્રો. ડૉ. નિગમ દવેના આજે પીડીપીયુ ખાતે ઓસ્ટ્રેલિયાની એડિથ કોવાન યુનિવર્સિટીથી આવેલ ૧૨ વિદ્યાર્થીઓ અને ૨ ફેકલ્ટીના ડેલિગેશન સાથે પ્રારંભ થતા ધ સ્ટડી ઈન ઈન્ડિયા એક્પોઝર પ્રોગ્રામના ઉદ્‌ઘાટન પ્રસંગે તેઓએ ઓસ્ટ્રેલિયન વિદ્યાર્થીઓનું સ્વાગત કરતા કહ્યું હતું.

ગાંધીનગરની પંડિત દિન દયાળ ઉપાધ્યાય પેટ્રોલિયમ યુનિવર્સિટીની સ્કૂલ ઓફ લીબરલ સ્ટડીઝ દ્વારા હાથ ધરાયેલ ધ સ્ટડી ઈન ઈન્ડિયા એકસ્પોઝર પ્રોગ્રામનો ઉદ્‌ઘાટન સમારંભ યોજાયો હતો. આ પ્રોગ્રામ હેઠળ ઓસ્ટ્રેલિયન એડિથ કોવાન યુનિવર્સિટીના માનસશાસ્ત્રના યુવા વિદ્યાર્થીઓ તેમના ૨ ફેકલ્ટીઝ સાથે બે સપ્તાહના રિસર્ચ કાર્ય માટે આવ્યા છે. તા. ૨જી ફેબ્રુઆરીથી તા. ૧૧મી ફેબ્રુઆરી સુધી ચાલનાર આ પ્રોગ્રામમાં વિદ્યાર્થીઓ ભારતીયો, ભારતીય સંસ્કૃતિ, ભારતીય માનસ અને ઈસીયુના વિદ્યાર્થીઓમાં ભારતીય માનસશાસ્ત્રના પરિપેક્ષ્યમાં કેવી રીતે મુલવી શકાય તે સંદર્ભે અભ્યાસ તથા સંશોધન કાર્ય હાથ ધરશે. આ કાર્યક્રમમાં પીડીપીયુના ડિપાર્ટમેન્ટ ઓફ સાયકોલોજીના હેડ ડૉ. રિતુ શર્માએ વિદ્યાર્થીઓને આવકારતા જણાવ્યું હતું કે “આ પ્રોગ્રામ સમાન વિચારધારા પર રચાયેલો છે જે વિદ્યાર્થીઓને બંને દેશોની સંસ્કૃતિના આદાન-પ્રદાન અંગે મુક્ત મને વિચારવા પ્રેરશે તથા અભ્યાસની વિસ્તૃત તકો પુરી પાડશે. બે સપ્તાહના રોકાણ દરમ્યાન ઈસીયુ ડેલિગેશન વિવિધ સુગઠિત શૈક્ષણિક કાર્યક્રમો અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓમાં જોડાશે.



ઓસ્ટ્રેલિયન ડેલિગેશનના કો-ઓર્ડિનેટર ડૉ. ઈયાલ ગ્રીનગોર્ટ ઈસીયુ અને પીડીપીયુ વચ્ચેના સંબંધો યથાર્થ, ફળદાયી તથા માનવીય અને વ્યવસાયિક પ્રકારના છે. અમે ટેક્ષટાઈલ અને ગારમેન્ટ ક્ષેત્રે કાર્યરત યુવા મહિલાઓની વૈશ્વિક મહત્તા અંગે સંશોધન બાબતે સહકાર્ય હાથ ધર્યુ છે. ભવિષ્યમાં પીડીપીયુના સાયકોલોજી વિભાગ સાથે ભવિષ્યના સુદઢ સંબંધો વિકસાવવા આતુર છીએ. આ કાર્યક્રમમાં ઓસ્ટ્રેલિયન ડેલિગેશન સાથે પીડીપીયુના વિદ્યાર્થીઓ ખૂબ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. ડેલિગેશનના તમામ સભ્યોનું કુમકુમ તિલક અને ફૂલહાર દ્વારા ભારતીય પરંપરાથી સ્વાગત કરાયુ હતુ. વિદ્યાર્થીઓ બે સપ્તાહના રોકાણ દરમ્યાન વિવિધ શૈક્ષણિક, ધાર્મિક, ઐતિહાસિક સ્થળોની મુલાકાત લેશે તથા સંગીત-નૃત્ય સહિતની સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ પણ માણશે.

“ભારતીય સંસ્કૃતિ ખૂબ જ ગહન, વિભિન્નતા ધરાવતી અત્યંત રસપ્રદ છે, અહીં જુદા જુદા ધર્મના નાગરિકો એક તાંતણે બંધાયેલા જોવા મળે છે. અમે અહી ટેક્ષટાઈલ અને ગારમેન્ટ ક્ષેત્રે કાર્યરત યુવા મહિલાઓની જીવનશૈલી અંગે અભ્યાસ કરવાના છીએ. ભારતીય સમાજમાં મહિલાઓનું વિશિષ્ટ સ્થાન છે. જે પરિવારને મદદરૂપ થવા સતત કાર્યરત હોય છે. અને વ્યવસાય પણ કરી જાણે છે.” ઓસ્ટ્રેલિયન ડેલિગેશનના કો. ઓર્ડિનેટર ડૉ. ઈયાલ ગ્રીન ગાર્ટે ગાંધીનગર સમાચાર સાથેની ખાસ વાતચીતમાં આ શબ્દો કહ્યા હતા. ડૉ. ગ્રીનગાર્ડે ભગવદ્ ગીતા વાંચેલી છે અને તેનાથી ખૂબ પ્રભાવિત છે. તેઓ કહે છે ભગવદ્ ગીતા જીવનનો મહામૂલો ગ્રંથ છે. જેણે મારી જીવનશૈલી બદલી નાંખી છે. તેઓ મહાત્મા ગાંધીના પ્રસંશક છે અને ઓસ્ટ્રેલિયા હજુ પણ રાણીના તાબામાં છે. પરંતુ ગાંધીજીના કારણે આઝાદ થયુ છે તે તમારી સદનસીબી છે. તેવુ કહેતા તેમણે ભારત-ઓસ્ટ્રેલિયાના સંબંધો હવે બંને સરકારોના પ્રયત્નોથી સારી રીતે વિકસી રહ્યા હોવાનું જણાવ્યું હતું.